

રમેશ ઠક્કર

# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

લાલઘૂમ તાપમાં મ્હોરતો, મસ્તીનો
તોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
આ નગરની વચોવચ હતો એક
ગુલમ્હોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી

મનોજ ખંડેરિયા.

## પાથેય

# ચોતરફ ગુલમહોર...

સતત પડી રહેલી ગરમીના માહોલનો એક સન્નાટો પણ સદી જતો હોય છે..અવિરતપણે વરસતી અગન લૂ અને બપોરના સમયે સૂમસામ થઈ જતી સડકો અને સ્તબ્ધ થઈ જતાં મકાનો ચુપકીદીનો પર્યાય બની જાય છે..માણસ અને પશુ પંખી ક્યાંક હાશકારો શોધવા ફાંફાં મારતાં રહે છે..કોઇક છાંયડો કે કોઈ અજાણ્યા વૃક્ષની પનાહમાં એ જયારે આશરો પામે છે ત્યારે એ હાશ અનુભવે છે..શાંત તળાવમાં જેમ જળ સ્થિર થઈ જાય એ રીતે એની આ હાશ પણ બળબળતા તાપ વચ્ચે જો જેવી જ બની જાય છે..

તાપને આપણે વિપદનો પર્યાય ગણીએ તો એના સામના માટે એ જ રીતે સજ્જ થવું જરૂરી બની જાય છે..આકાશથી અવિરત ધખી રહેતા સૂરજને ઢાંકવા માટે વાદળીઓ આમતેમ દોડતી રહે છે..સૂરજને મસમોટા કારોબાર સામે એકલદોકલ ભેગી થઈ જતી વાદળીઓની આમ જોઇએ તો શી વિસાત ? પરંતુ કહેવાયું છે ને કે લાખો નિરાશામાં એક અમર આશા છૂપાઇ છે એ રીતે જ આ નાનકડું જૂથ પણ સૂરજને તાપ સામેની ઢાલ બની જતી હોય છે..કવિ કહે છે જગતમાં અનેક અડચણો પારાવાર મુશ્કેલીઓ ભલે હોય આપણે એની સામે એક આશાવાદી વાદળ બની ધબકતા રહેવું જરૂરી છે..સૂર્યને ઢાંકીને ચાલતી વાદળીઓનો ઠસ્સો એક ખુમારી છે..જે જીવન જીવવાનું બળ પુરૂં પાડે છે..આભમાં ભલે આગ ઝરે પણ જો આપણી આશાઓ વાતો બની અવતરે તો ચોતરફ ગુલમહોર ઝરે એવો માહોલ રચી શકાતો હોય છે.

કોઇપણ વિપદ સામે બાથ ભીડવા એટલી આસાન નથી હોતી..એમાં ઘસરકા કે ઇજા થાય એ સહજ હોય છે..આવો એકાદ ઘસરકો લેવાનું જોખમ પણ ખેડવા જેવું હોય છે..દુનિયામાં જે કંઈ દૂરિત છે,દૂષિત છે..કલુષિત છે કે અસત્યના કારોબાર જેવું છે એની સામે સત્ય કે પ્રેમની છડી પોકારતા રહેવું એ જ સાચી ઓળખ હોય છે..આપણે વાતવાતમાં ઘરાશયી બનતા રહીએ છીએ..અડીખમ ટકીને થોડીવાર માટે પણ અંધકાર સામે પ્રકાશ રેલાવવાનો એક નાનો પ્રયાસ પણ યાદગાર હોય છે..આવી નાની નાની ખુમારીભરી ઘટનાઓ જ એક મોટી સફળતાનો પથ બની જાય છે..જૂઠાણાઓ કે જુલ્મોની ભીડભાડ વચ્ચે સત્યની એકાદી છડી લઇ ચાલતા રહેવું એ સાચે જ સાચી દિશાની સફર બની જતી હોય છે..

# હાસ્યનો પર્યાય...જ્યોતીન્દ્ર હ. દવે...!

અનેક રીતે સમૃધ્ધ એવું ગુજરાતી સાહિત્ય હાસ્યની બાબતમાં કંગાળ છે.આપણા લોકોની તાસીર ઠરેલ અને ઠાવકા માણસો તરીકેની.હસવા માટે હળવાશ અને નિખાલસતા જરૂરી છે.વ્યવહાર ડાહયા માણસો માટે હસવું મુશ્કેલ છે.માણસ સિવાય કોઈ પ્રાણીને હસવાનો વૈભવ મળેલ નથી.અમુક પ્રકારના ચિમ્પાન્ઝી અને વાંદરાઓની અમુક જાત એમના ચહેરા ઉપર હાસ્યની લકીરો ઉપસાવી શકે છે.પરંતુ સંપૂર્ણપણે ખડખડાટ હસવાનો જાદુ ફકત માણસ પાસે જ છે.

હસવું દુર્લભ છે,એથી વિશેષ શબ્દો થકી હાસ્ય નીપજાવું એ વધારે કપરૂં કામ છે.કોઈકને હસાવવાનુ કામ અઘરી બાબત છે.આમ છતાં કેટલાક લોકો પાસે આવી જન્મજાત કાળા હોય છે. કોઈ લેખક જ્યારે પોતાની કલમ થતી માણસના ચહેરા પર મલકાટ લાવે અથવા એને મરકમરક મલકતી કરે એ થકીઅદભુત દ્રશ્ય સર્જાતું હોય છે.લેખનના સહારે હાસ્ય નિષ્પન્ન કરવું એક આગવી સુઝનું કામ છે.ગુજરાતી ભાષામાં હાસ્યલેખન ઉપેક્ષિત રહ્યું છે. આમછતાં આપણા સાહિત્યમાં ભલે સંખ્યામાં ઓછા પરંતુ ગુણવત્તામાં ઉત્તમ એવા હાસ્ય લેખકો થઈ ગયા છે. એ બધામાં જો કોઈ શિરમોર લેખક હોય તો એ છે જ્યોતીન્દ્ર હ.દવે. ઉમાશંકર જોશી એમને હાસ્યનો પર્યાય કહે છે.એ કહે છે કે

"મને હસવું આવે છે એમ કહેવાને બદલે આપણે કહી શકીએ કે મને જ્યોતીન્દ્ર આવે છે.."જ્યોતિન્દ્ર દવે એટલે ગુજરાતી હાસ્યલેખનના ભીષ્મ પિતામહ..એમનું હાસ્ય એટલે નિર્દોષ નરવું,અને કોઈ પણ પ્રકારના ડંખ વગરના શબ્દો થકી મઢેલું અદભુત આલેખન..!



સંવેદનનું સ્ટેટસ

રમેશ ઠક્કર

જ્યોતીન્દ્ર દવેનો જન્મ ૨૧ મી ઓક્ટોબર ૧૯૦૧ના દિવસે સૂરત ખાતે થયો હતો.એમણે એમ.એ.ની પદવી મેળવી હતી.ઘણા ઓછા લોકોને ખબર હશે કે શરૂઆતમાં આ લેખક કનૈયાલાલ મુનશીના સહાયક તરીકે કામ કરતા હતા.મુનશીને ઈતિહાસ લેખનમાં મદદ કરતા.એમણે અધ્યાપક તરીકે પણ કામ કર્યું હતું. મુંબઈ સરકારના સચિવાલયમાં ભાષાંતરકાર તરીકે વરસો? સુધી કામ કરી ૧૯૫૬માં એ નિવૃત્ત થયા.એ પછી અનેક જગ્યાએ પ્રિન્સિપાલ તરીકે કાર્યરત રહ્યા.સાહિત્યની અભિરુચિને કારણે તેઓ સતત લેખનકાર્ય થકી પ્રદાન કરતા રહ્યા.ઈ.સ.૧૯૬૬માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે પણ નિયુક્ત થયા હતા.પોતાના દુબળા દેહ અને ઉચ્ચ પ્રકારની રમૂજ માટે જાણીતા જ્યોતીન્દ્ર દવે સ્ટેજ ઉપરથી જ્યારે બોલતા હોય ત્યારે લોકો હાસ્યથી તરબોળ થઈ જતા.એ? પ્રભાવી વક્તા પણ હતા.એમનું અવસાન ૧૧ સપ્ટેમ્બર ૧૯૮૦ના રોજ મુંબઈ ખાતે થયુ.સાડા ચાર દાયકા પછી આજે પણ એમના હાસ્યલેખો નવી પેઢી એટલા જ રસથી વાંચે છે.જ્યોતીન્દ્ર દવે હાસ્ય લેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં અણનમ છે..

એમના વિશે જાણીતા વિવેચક ગગનવિહારી મહેતા લખે છે કે "જ્યોતીન્દ્ર દવે ઉચ્ચકોટિના હાસ્યકાર છે.કારણ કે એ વિવેચક છે.ફિલસૂફીના અભ્યાસી છે.એ જિંદગીનો કીમિયો શોધવા ઘૂમતા નથી.જીવનનો કીમિયો ઉકેલવા મથ્યા નથી.એમનો કીમિયો એ જ છે કે જિંદગીનો કીમિયો જ નથી ! એનું રહસ્ય કોઈ ઉકેલી શકતું નથી.સંસારમાં અનેક વિટંબણા અને ગોટાળા છે.નિર્બળતાઓ અને ગૂંચો છે.દંભ છે.અનેકવિધ મૂર્ખાઈ છે. બાલિશતા છે. તુચ્છ કલહો છે.નિરાશા છે.આ બધું છતાં સપ્રમાણ દ્રષ્ટિએ તો જીવન વિનોદપૂર્ણ છે.આહલાદજનક છે.હાસ્યસ્પદ પણ છે.જીવન એ જીવન છે એ હાસ્યકારની આંખે જ્યોતીન્દ્ર સમજી ગયા છે.જીવનમાં નાનાં મોટાં સંકટો છતાં; કલેશ, કષ્ટ, અને વિરોધો છતાં અને અંતની કરુણતા છતાં પણ આપણે થોડી ક્ષણ હસીએ છીએ.હસાવી શકીએ છીએ. હાસ્યમાંથી આનંદ પ્રાપ્ત કરી શકીએ છીએ,એ મનુષ્યનું સદભાગ્ય છે.અને જ્યોતીન્દ્ર જેવા હાસ્યકારને લીધે એ શક્ય બને છે"

એક નાનકડા પેરેગ્રાફમાં સામાન્ય બોલ ચાલ ની ભાષામાં કેવી રમુજી અમને નિષ્પન્ન કરી છે એ જોઈએ..

એક વાર એક વૈદ્યે મને કહ્યું : 'તમો સુવર્ણવસંતમાલતીનું સેવન કરો.' પહેલાં તો મને એ સુંદરીનું નામ હોય એવું લાગ્યું, પણ એમણે જ્યારે ગોળી આપી ત્યારે સમજાયું કે આ સુવર્ણવસંતમાલતી એ કોઈ ગોરીનું નહિ પણ ગોળીનું નામ છે..!

એમનું હાજરજવાબીપણું હાસ્યની છોળો ઉડાડતું..જ્યોતીન્દ્ર દવે ચા પીવાના શોખીન હતા. ખુબ ચા પીએ.

કોઈએ તેમને એક વાર કહ્યું, "જ્યોતીન્દ્રભાઈ ચા તો ધીમું ઝેર છે."

જ્યોતીન્દ્રભાઈએ જવાબ આપેલો, "તે આપણને ક્યાં ઉતાવળ છે!"

જ્યોતીન્દ્ર દવેની હાજર જવાબી લાજવાબ હતી બીરબલને પણ ભૂલી જવાય એવી.માછલી પાણીમાં થતી હોય એટલી સરળતાથી રમૂજના તણખા એમની વાતચીતમાં અનાયાસ ઝર્યા કરે.તેમને કોઈએ પ્રશ્ન કર્યો જ્યોતિન્દ્રભાઈ બાળ સાહિત્યમાં તમારું કોઈ પ્રદાન ખરું ? "હા.." એમણે તુરત જ જવાબ આપ્યો.

"મેં બાળકો આપ્યાં છે..!" જ્યોતીન્દ્રભાઈને કોઈએ પૂછ્યું નાના હતા ત્યારે તમે શું કરતા હતા ? એમનો જવાબ. " મોટો થતો હતો..!"

એમનો "જીભ "ઉપરનો નિબંધ આખેઆખો અદભુત છે.એ વાંચતાં ?સતત આપણો ચહેરો મરકમરક થતો જ રહે.એનો એક પેરેગ્રાફ.."પ્રતિકૂળ સંજોગોમાં પણ આનંદથી શી રીતે કર્તવ્ય બજાવ્યે જવાય એ જીભ આપણને શીખવે છે.આગળ બત્રીસ ભૈયા જેવા મજબૂત દાંત.પાછળ ઊંડી ગળાની ખાઈ,અનેક પ્રકારના ટાઢા, ઉના,તીખા,ખારા પદાર્થોનો સતત મારો.સંચલન માટે ઓછામાં ઓછી જગ્યા,સૂર્યનો જરાય પ્રકાશ ના આવે એવી સાંકડી અંધારી જગ્યામાં લપાઈ રહેવાનું.આવી અનેક પ્રતિકૂળતાઓ છતાં,જીભ આનંદથી નિર્ભયપણે પોતાનું કાર્ય કર્યે જાય છે.ખાનપાનનો રસાસ્વાદ માણી અંદરનો,ને મન ને હૃદયના વિચારભાવોને વ્યક્ત કરી બહારનો સંસાર સાચવે છે.અને સુખી થવું હોય તો મનુષ્યે સંસારમાં જલકમલવત નહીં પણ મુખજીભવત રહેવું એવો એવો સાંભળે તેને ઘેરો ને ગુઢ બોધ વગર બોલ્યે સંભળાવે છે."

સાક્ષરોના મતે હાસ્ય રસ એ શૃંગાર રસમાંથી ઉત્પન્ન થતો ગૌણ રસ છે..એમના મતે સાહિત્યના મુળ રસ ચાર છે..શૃંગાર વીર રૌદ્ર અને બીભત્સ.!હસે તેનું ઘર વસે એવી કહેવત હોવા છતાં ગુજરાતી સાહિત્યમાં હાસ્ય રસ હંમેશાં ઉપેક્ષિત રહયો છે..નર્મદ તો માનતો 'રડવામાં રસ ગુણ બહુ,હસવામાં બે હાની.." પંડિતયુગના સાક્ષર નવલરામે આપણી ભાષાનો પ્રથમ હાસ્યનિબંધ" ઓથારિયો હડકવા" નામે લખેલો..જે લેખક બનવાની ઘેલછા ઉપર કટાક્ષ કરતો હતો..આજે એ ઉત્પાત નજરોનજર દેખાય છે ને ? ! એ પછી એમણે "ભટનું ભોપાળું ' નામે હાસ્યનાટક..પ્રહસન લખ્યું..પંડિતયુગના સાક્ષરોમાં હાસ્ય રસ મુશ્કેલ શોધવો પડે..

જો કે કવિ દલપતરામની હાસ્યકવિતાઓ એક સમયે જાણીતી હતી.."અન્યનું તો એક વાંકું આપનાં અઢાર છે.." એ કવિતા આપણને સહુને આજે પણ યાદ છે..આપણે ત્યાં કાર્ટૂનકળા એટલે કે ઠઠાચિત્રો પણ એટલાં પ્રચલિત નથી..હાસ્યલેખોના સંગ્રહ પણ બહુ જૂજ પ્રગટ થાય છે..હાસ્યપ્રધાન નવલિકાઓ કે સંપુર્ણપણે હાસ્યનું સામયિક એ પણ દુર્લભ વાત છે..એ રીતે જોઈએ તો હાસ્યનો દુષ્કાળ એ આપણી ઓળખ ગણાય...ગુજરાતી ચલચિત્રોમાં હાસ્ય આધારિત ફિલ્મ હોય એ પણ નવાઈની વાત છે. બાકી આપણે ત્યાં ભવાઈ જેવી ઉચ્ચ પરંપરા હતી જેમાં હાસ્યની સાથે સર્જનાત્મકતા માટે જબરજસ્ત શક્યતાઓ હતી..

ઈ.સ.૧૯૩૬માં જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાએ સંયુકત રીતે "અમે બધાં " એ નામે સળંગ હાસ્ય નવલકથા લખી જે પ્રયોગ પણ પછી ચાલ્યો નહીં...જ્યોતિન્દ્ર દવેએ "ભદ્રંભદ્ર"ની પ્રસ્તાવના લખતાં કહ્યું હતું કે નવા લેખકો માટે આ નવલ માર્ગદર્શક બની રહેશે એ આજે સવાસો વરસ પછી પણ એ નવલકથા માટે સાચી ઠરે છે..આપણી ભાષામાં કવિઓ,ગઝલકારો, વાર્તાકારો મબલખ રેલાય છે.. પણ હાસ્ય લેખક કે લેખિકાની યાદી બનાવવી હોય તો શરૂઆત કયાંથી કરવી એ સવાલ છે..રમૂજ,ટોળટીખળ,ઠઠ્ઠામજાક એ આપણા સાહિત્યમાં દુર્લભ ચીજ છે..જેને કંઈક અંશે જ્યોતિન્દ્ર દવેએ એમના હાસ્યલેખનથી પુરી કરી..આજ સુધી એમની કક્ષાનો હાસ્યલેખક આપણી ભાષામાં થયો નથી.

કોઈકને હસાવવાનું કામ અતિ મુશ્કેલ કામ છે..હાસ્ય રસ નિષ્પન્ન કરવા જતાં ઘણીવાર અતિ સપાટ અને કૃતક કૃતિ સર્જાઇ જતી હોય છે..ખડખડાટ હસવું એ તંદુરસ્તીની નિશાની છે..હાસ્ય માણસની તંગ મનોદશાને મુલાયમ બનાવે છે..ગાંધીજીની રમૂજવૃતિ જાણીતી છે..'સત્યના પ્રયોગો'માં 'ધણીપણુ' પ્રકરણ વાંચી જવું...એ કહેતા કે "મારામાં જો રમૂજવૃતિ ના હોત તો જાહેરજીવન મારા માટે ભારરૂપ બની ગયું હોત" ગુજરાતી સાક્ષરો એટલે ધીરગંભીર અને ઠાવકાઈ ધારણ કરેલ સજ્જનો એવી છાપ છે..શિષ્ટ સાહિત્યમાં હાસ્યલેખકોને આજેપણ જોઈએ એવાં માનપાન મળતાં નથી..હાસ્ય લેખકોનો હંમેશાં આપણી ભાષામાં દુકાળ રહયો છે.આજે પણ જ્યોતિન્દ્ર દવે જેવા ઉચ્ચ હાસ્યલેખકની વાચકો ચાતકડોળે રાહ જુએ છે..

# સાપ્તાહિક રાશિફળ (તા. ૨૪-૦૬-૨૩ થી ૩૦-૦૬-૨૩)

૧. મેષ રાશિ (અ.લ.ઈ.) આ સપ્તાહ આપની તન્દુરસ્તી જળવાઈ રહેશે. દરેક કાર્યમાં લાભ થશે. જોકે કૌટુંબિક પ્રશ્નો આવે. ભાગીદારો સાથે મતભેદ. શારીરિક ઓપરેશન કે અકસ્માતના યોગ છે. મકાન, વાહન, સ્થાવર મિલકતમાં નુકસાન ન થાય તેમ આગળ વધવું. જો કે વડીલો, મિત્રો વગેરેથી લાભ પ્રાપ્ત થશે. વારસાનો યોગ બને છે. જમીનના સોદામાં ફાયદો થાય. દાંપત્ય સુખાકારી વધે. નોકરીયાતો માટે સમય શુભત્વ આપશે. હરિફ વર્ગ સક્રિય થાય. સંતાનની તબિયત સાચવવી. સટ્ટાકીય નુકશાન નોકરી પ્રમોશન મળે. વિદ્યાર્થીઓ માટે શુભ સમય છે. હનુમાન ચાલીસા કરવા.

૨. વૃષભ રાશિ (બ.વ.ઉ.) આ સપ્તાહ આપને આર્થિક રીતે ફાયદો થઈ શકે છે. આવકના સ્ત્રોત વધે. આરોગ્ય અંગે ચામડીના રોગથી બચવું. જમીન, મકાન, વાહન અંગે નવા આયોજન માટે થોભ્મો અને રાહ જુઓ. સંતાન અંગે સફળતા મળે. વ્યવસાયમાં બદલાવ આવે. સમય સાનુકૂળ નથી. જાહેરજીવનમાં યશ, પ્રગતિ થાય. મિત્ર વર્ગનો સહકાર મળે. દાંપત્ય સુખાકારી વધો. જો કે વ્યય બાબતે પલ્લું ભારે છે. વિદ્યાર્થીઓ માટે વધુ મહેનતની જરૂર છે. નાસીપાસ ન થવું. નોકરીમાં બદલાવ આવે. શિવ ઉપાસના કરવી.

૩. મિથુન રાશિ (ક.છ.ઘ.) આ સપ્તાહ આપની શારીરિક તંદુરસ્તી સારી રહે. આત્મબળ તેમજ વિશ્વાસ દ્રઢ બને. ધારણા મુજબના કાર્યો થાય. આર્થિક ક્ષેત્રે સુખાકારીમાં વધારો થાય. કૌટુંબિક વાતાવરણમાં ખટપટ થાય. સૌ અસહકાર આપે. જાહેર જીવનમાં સંબંધો બગડે નહીં તે જોવું અન્યથા બિનજરૂરી ચિંતાઓ વધે. મકાન, વાહન, જમીન અંગે નવા આયોજન ફાયદાકારક રહે. જો કે વ્યવસાય - ધંધામાં સ્થિતિ યથાવત રાખવી. દાંપત્ય સુખાકારી વધે. નાની યાત્રાઓ થાય. વિદ્યાર્થીઓ માટે પ્રતિકૂળ સમય છે. મહેનત અને પ્રયત્નો ચાલુ રાખવા. નોકરીયાત માટે બદલીના યોગ છે. જો કે નાણાંકીય ફાયદો થાય. ગણેશ પૂજા કરવી. ધરો અર્પણ કરવો.

૪. કર્ક રાશિ (ડ.હ.) આ સપ્તાહ આપના વૈભવમાં વધારો કરશે. મોજ શોખમાં સમય જાય. તંદુરસ્તીમાં સુધાર આવે. આપ જમીન અંગેની સંપત્તિ કે તેને લગતા નાણાંકીય કામ કરી શકો. ફાયદો થાય. આવકમાં સુધારો જણાય. માતાની કાળજી લેવી. મકાન અંગેનું કામ ન કરવું. વેચાણ કે ખરીદી ન કરવી. નાની યાત્રા થાય. મહત્ત્વકાંક્ષાઓ વધે. પ્રગતિ થાય. દાંપત્ય સુખાકારીમાં ઉણપ આવે. ભાઈભાંડુ સહકાર આપે. વ્યવસાય યથા સ્થિતિ યથાવત રાખવી. નોકરીયાત માટે સ્ટાફ સાથે સુમેળ રાખવો. વિદ્યાર્થી માટે પ્રગતિ. શિવ ઉપાસના કરવી.

૫. સિંહ રાશિ (મ.ટ.) આ સપ્તાહ આપ માનસિક શાંતિનો અહેસાસ કરશો. નાણાંકીય સ્થિતિમાં સુધાર આવે. જો કે ભાઈભાંડું અને કૌટુંબિક સહકાર ન મળે. એકલા હાથે ઝઝુમવું પડે. ધંધામાં ભાગીદારીથી સંભાળવું. સૌ સાથે સુમેળ રાખવો. દાંપત્ય જીવનમાં સુમધુરતા લાવવી. ભાગ્યોદયમાં અચડણ ન આવે. જો કે જાહેર ક્ષેત્રના કામોમાં યશ મળે. માનપાન વધે. મકાન અંગેનું કામ થાય. શેરસટ્ટામાં ન પડવું. સ્ત્રીઓ માટે શુભ સમાચાર. નોકરીયાત માટે પરિશ્રમનો સમય. સૂર્ય ઉપાસના કરવી.

૬. કન્યા રાશિ (પ.ઠ.ણ.) આ સપ્તાહ આપે માનસિક સંતુલન જાળવવું પડે. શારીરિક-માનસિક તકલીફ ઊભી થઈ શકે. સ્વાસ્થ્ય કાળજી લેવી. આવકમાં ઓટ આવે. સંતાન અંગેના પ્રશ્નો ઉકેલ આળે. નાણાંકીય લોન કે ઉછીના નાણાં અંગે તકલીફ ઊભી થાય. આર્થિક સ્થિતિ થોડી કડક બને. પારિવારિક વાતાવરણને સુમેળપૂર્ણ રાખવા પ્રયત્ન કરવો. દાંપત્ય જીવન સામાન્ય રહે. કુટુંબ સાથે સમય પસાર કરવો. તમારું કામ તમારે જાતે કરું. વિદ્યાર્થીઓને વિષયો સમજવો અઘરો પડે. નોકરી કરતા જાતકને મુશ્કેલી આવી શકે છે. દેવી ઉપાસના કરવી.

૭. તુલા રાશિ (ર.ત.) આ સપ્તાહ આપ સ્વાસ્થ્ય અંગે ચિંતા ન કરો. આર્થિક દ્દષ્ટિએ શુભત્વ પ્રાપ્ત થાય. સંપત્તિમાં વધારો થાય. નકામા કામો પાછળ સમય બર્બાદ ન કરો. સંતાનો અંગેના પ્રશ્નો પરત્વે ધ્યાન રાખવું. શૅર સટ્ટામાં ન પડવું. જાહેર જીવનમાં અપયશ મળે. દાંપત્ય જીવનમાં ખટરાગ ઊભો થાય. સુમેળ રાખવો. ભાગીદારી ન કરવી. નાની યાત્રા થાય. ધાર્મિક કાર્ય થાય. ભાગ્યોદય થાય. વ્યવસાયમાં વૈભવ વધે. નોકરીયાત વર્ગ માટે સારો સમય પસાર થાય. વિદ્યાર્થી માટે ધારેલ કામગીરીમાં વિલંબ થાય.

૮. વૃશ્ચિક રાશિ (ન.ય.) આ સપ્તાહ આપે સ્વાસ્થ્યની કાળજી લેવાની રહેસે. વાણીમાં સુમધુરતા લાવવી. મકાન, વાહન, વગેરે બાબતે નવા સોદા ન કરવા. નાણાંકીય બાબતે બેંકમાંથી લોન કરજ મળી શકે. લોહી વિકાર રોગમાંથી બચવું. કાળજી લેવી. ધંધા વ્યવસાયમાં સ્થિતિ યથાવત રહે. ભાગ્યોદય થાય. નવીન કાર્યમાં ફાયદો થાય. ધંધા વ્યવસાયની દ્દષ્ટિએ મહેનત વધશે. પણ ફાયદો થાય. દાંપત્ય જીવન સુખાકારી વધે. સ્ત્રી વર્ગ માટે પ્રગતિજનક સમય. નોકરીયાત વર્ગ માટે આકસ્મિક નુકશાન થાય. વિદ્યાર્થી વર્ગ માટે મહેનતનું ફળ જરૂર મળે. ગણપતિ ઉપાસના કરવી.



જ્યોતિષાચાર્ય

વિષ્ણુભાઈ વૈષ્ણવ

૯. ધન રાશિ (ભ.ધ.ફ.થ.)આ સપ્તાહ આપનું આરોગ્ય સુખાકારી સારી રહી. આર્થિક દ્દષ્ટિએ સમય સામાન્ય રહેશે. કૌટુંબિક દ્દષ્ટિએ પરિવારમાં ભાઈ ભાડું સાથ ન આપે. સંતાન સુખમાં ઉણપ આવે. વિધ્યાભ્યાસમાં ખખેલ પહોંચે. ચામડીના દર્દ ન થાય તે જોવું. દાંપત્યજીવન સુખમય પસાર થાય. નાની યાત્રાઓ થાય. ભાગ્યોદય થાય. ધંધાકીય દ્દષ્ટિએ વિચારીને રોકાણ કરવું. આ અઠવાડિયે આકસ્મિક લાભ થાય. અસ્વસ્થતા અનુભવ થાય. કાનૂની કાર્યથી સંભાળવું. નોકરીમાં સાવચેત રહેવું. વિદ્યાર્થી માટે ઉચ્ચ અભ્યાસ અર્થે વિદેશ જવાય.

૧૦. મકર રાશિ (ખ.જ.) આ સપ્તાહ આપને મસ્તક પીડા અનુભવવી બડે. તંદુરસ્તી જાળવવી. આર્થિક દ્દષ્ટિએ આવકમાં બ્રેક લાગે. જાવકનું પલ્લું ભારે રહે. ધંધા વ્યવસાયમાં મહેનત વ્યર્થ જતી લાગે. અથાગ પરિશ્રમ કરવો પડે. દાંપત્ય સુખાકારી સારી. સ્ત્રી વર્ગને શુભ સમાચાર મળે. મકાન અંગેના નવા કામો થાય. રાચરસીલું બદલી શકો. લોન મેળવવામાં સફળતા રહે. જમીનના સોદા ન કરવા. વિદ્યાર્થી માટે મહેનતનો સમય છે. નોકરીયાત માટે આકસ્મિક લાભ થાય.

૧૧. કુંભ રાશિ (ગ.શ.સ.ષ) આ સપ્તાહ આપ માનસિક તણાવમાં રહો. શાંતિથી કામો કરવા. તંદુરસ્તી જાળવવી. આર્થિક સદ્ધરતા આવશે. ભાઈભાંડુનો સહકાર મળે. જો કે વારસાઈ પ્રશ્નો વિખવાદ કરાવે. મકાન વાહન નવા લઈ શકાય. સંતાનના પ્રશ્નો ખુશીના સમાચાર મળે. દાંપત્ય સુખમાં વધારો થાય. પત્નીથી લાભ થાય. લોન લેવામાં મંજુર થવામાં વિલંબ થાય. ધંધા વ્યવસાયમાં અડચણો આવે. સાવચેતી રાખવી. વિદ્યાર્થીઓના પ્રાથમિક અભ્યાસમાં સફળતા. નોકરીમાં સારો સમય છે.

૧૨. મીન રાશિ. (દ.ચ.ઝ, થ.) આ સપ્તાહ તંદુરસ્તી સારી રહે. ખોરાકમાં ધ્યાન રાખવું.આર્થિક દ્દષ્ટિએ આવકમાં અચડણ ઊભી થાય. જાવક વધી જાય. બીન જરૂરી ખર્ચ થાય. મકાન જમીનના અટકેલ કામ થાય. ધંધા વ્યવસાયમાં આગળ વધી શકાય. નવા કામો મળે. સંતાનોને વિદ્યાભ્યાસમાં સફળતા. દાંપત્ય સુખાકારી વધે. નાની યાત્રા થાય. નોકરીમાં સામાન્ય સમય. વિદ્યાર્થી માટે ખૂબ પ્રયત્નો કરવાથી અધૂરા કામો પૂર્ણ થાય. સરસ્વતીની ઉપાસના કરવી.

મો. ૯૮૨૪૬૪૭૪૩૫

## આ સપ્તાહના તહેવાર - પંચાગ

તા. ૨૪-૦૬-૨૩ કુમાર ષષ્ઠી
તા. ૨૫-૦૬-૨૩ ભાનુ સપ્તમી
તા. ૨૬-૦૬-૨૩ દુર્ગાષ્ટમી
તા. ૨૯-૦૬-૨૩ દેવશયની એકાદશી,
ગૌરીવ્રત પ્રારંભ, ચાર્તુમાર્સ પ્રારંભ

# ઓર્થોગ્નેથિક સર્જરી : (મોઢાનાં જડબાની સર્જરી)

મિત્રો, આજે આપણે દંતવિજ્ઞાનના એક ઓછા જાણીતી સારવાર વિશે જાણીશું.

આપ સૌ વાકાંચૂંકા દાંતનો બ્રસીસની સારવાર (ઓર્થોડોન્ટિક) વિશ માહિતગાર હશો જ. પરંતુ બહુ ઓછા લોકોને એ વિશે જાણકારી હોય છે, ફક્ત દાંત જ વાંકાચૂકા હોય તેવું જરૂરી નથી. અમુક કિસ્સાામાં દર્દીનાં જડબામાં સમસ્યા રહેલી હોય છે. જેમ કે અમુક લોકોનાં જડબા બહુ જ વધારે પડતા આગળ - પાછળ હોઈ શકે છે.



દંત-ચિકિત્સા

ડો. બિંદી મિહીર પંડ્યા

તમે જો ધ્યાનપૂર્વક નોંધ્યું હોયતો અમુક લોકોનાં - બાળખોનાં દાંત વધારે પડતા આગળ હોય છે, તેવા કિસ્સામાં જોતા એવું લાગે કે તે વ્યક્તિનાં આગળનાં દાંત વધુ પડતા આગળ આવી ગયા હોય. પરંતુ એવું બની શકે કે તે વ્યક્તિનાં ઉપરનાં જડબાનું હાડકું વધારે પડતું આગળ હોય અથવા તે વ્યક્તિનું નીચેનું જડબું વધારે પડતું પાછળ હોય. તે એવો અનુભવ કરાવે કે જાણે સમસ્યા દાંતમાં છે, પરંતુ વ્યક્તિનું જડબું એ સમસ્યાનું મૂળ કારણ બની શકે.

આવા કિસ્સામાં ન ફક્ત ઓર્થોડોન્ટિક ટ્રીટમેન્ટ દ્વારા દાંત ને અંદર લેવા, પરંતુ સાથોસાથ જડબાની સર્જરી કરીને જડબા ને અંદર કે બહાર લેવું શક્ય છે. તે ન ફક્ત વાંકાચૂકા દાંત, પણ વ્યક્તિનાં દેખાવ અને કાર્યક્ષમતામાં પણ ફેરફાર કરે છે.

● ઓર્થોગ્નેથિક સર્જરી માટેનું નિદાન :

સૌપ્રથમ દર્દીના ચહેરા ને દેખાવને તેના માટે તેમના ફોટોગ્રાફ સાઈડ ફોટોગ્રાફ જરૂરી બને છે. આ સિવાય દર્દીનાં એક્સ્ટ્રા ઓરલ એક્સ રે કેમ કે ઓપીજી, ટેટરલ સિફેલોગ્રામ, સીબીસીટી, વગેરની પણ જરૂર પડે છે.

આ સિવાય વ્યક્તિના જડબાનાં સાંધા (TMJ) નો એક્સ રે અને અન્ય અભ્યાસ પણ શક્ય છે. આ બધાથી દર્દીને શું આ સર્જરી કરાવવી જોઈએ કે નહીં અને કયા જડબામાં સમસ્યા રહેલી છે, તેનો ખ્યાલ આવી શકે છે.

ઓર્થોગ્નોથિક સર્જરીનાં પ્લાનિંગ માટે ઓર્થોડોન્ટર સર્જન. ફેસ્ટોરેટિવ ડેન્ટિસ્ટ વગેરેનું ટીમવર્ક જરૂરી બને છે.

● ઓર્થોગ્નેથિક સર્જરી II ક

કલાક II કેસ (ઉપરનું જડબું આગળ હોવું / નીચેનું જડબું પાછળ હોવું)

કલાક III કેસ (નીચેનું જડબું આગળ હોવું / ઉપરનું જડબું પાછળ હોવું)

લોન્ગ ફેસ સિન્ડ્રોમ
ફેસિયલ એસિમિટ્રી
ચીન અબનોર્માલિટીસ (દાઢીમાં સમસ્યા)
ચીરાયેલા હોઠ અને તાળવું (CLCP)

● બાળકો (ગ્રોઈંગ એજ કે જેમાં માઈનર કેસ (કે જે ઓર્થોડોન્ટિક સારવાર દ્વારા સારવાર કરવા યોગ્ય છે.

મેડિકલ કન્ડીશન.
સાઈકોલોજીકલ સમસ્યા

અનુસંધાન પાના નં. ૭ પર

# થાક કેમ લાગે? આ તો મારો ભાઈ છે! કોઈ બોજ નથી!

ઈશ્વરના દર્શન કરવા માટે ઉત્કટ તાલાવેલી જરુરી છે. સાથોસાથ શ્રદ્ધા પૂર્વક સાધના કરીને પણ સગુણ કે નિર્ગુણ સ્વરૂપે ઈશ્વરને પ્રાપ્ત કરી શકાય છે કે તેની હાજરી અનુભવી શકાય છે.

ધોમ ધખતા તડકામાં પોતાની પાસે પગરખાં નથી તે માટે ઈશ્વરને દોષ દેતો ફકીર લંગડા માણસને જોઈ 'હે પ્રભુ, તારી કેટલી કૃપા કે તેં પગ તો આપ્યા' જેવા આભારવશ શબ્દો બોલી ઊઠે છે. આ રીતે આપણે રોજ- બરોજ ઈશ્વરને અનુભવી શકીએ છીએ.

રામકૃષ્ણ પરમહંસનું મન 'માં' ને પામવા માટે એટલું બધુ વિહવળ થઈ જતું કે છ છ વર્ષો સુધી તેઓ ઊંઘતા નહોતા. અને આંખો પરાણે બંધ કરવા મથતા, પણ તે બંધ થતી જ નહીં. ત્યારે મા ને પોકારતા કે: 'મા ! તારે શરણે આવવાનું શું આ જ ફળ છે ? અરેરે ! આવું હઠીલું દર્દ તેં મને મોકલી આપ્યું છે ! પણ મા નો સાક્ષાત્કાર કરવા આ તો કંઈજ નથી એમ સમજી તેઓ શાંત થઈ જઈ મા ને કહેતા: 'તારી ઈચ્છામાં આવે તેમ કર. ' આ જ ભક્તની ભગવાનને પામવાની પરાકાષ્ઠા છે.

આપણે ત્યાં ભગવાનને યાદ કરવાનો સંબંધ અસહાયતા, મુશ્કેલ સંજોગો અને દુઃખ સાથે છે. હેનરી મિલરને તેના દિકરાએ પશ્ન કર્યો કે : 'ખરેખર ભગવાન છે? ' તેના જવાબમાં મિલરે હા પાડી. પુત્રે તેનું પ્રમાણ માગ્યું ત્યારે મિલરે કોઈ પ્રત્યુત્તર ન આપ્યો પણ એક જગ્યાએ તેણે લખ્યું કે: ' દિકરા મોટો થઈશ ત્યારે તને ખબર પડશે જ્યારે સમયના સંજોગો તને દિવાલ સરસો ભીંસી દેશે, ત્યાં ભગવાન દેખાશે...તું આપ મેળે ભગવાનને યાદ કરીશ. ' ઈશ્વર સાક્ષાત્કાર એ અનુભવની વસ્તુ છે. મધર ટેરેસા કહેતાં કે "ભોઓબાન આચ્છેન" (ભગવાન છે.) રામકૃષ્ણ પરમહંસ કહેતા કે : 'રાત્રે આકાશમાં અસંખ્ય તારલાઓ દેખાય પણ સુર્યોદય થતાં એ દેખાતા બંધ થઈ જાય છે એનો મતલબ એ નથી કે આકાશમાંથી તારાઓ નષ્ટ પામ્યા. એવી રીતે આપણી બુદ્ધિ ઉપર અજ્ઞાનનું આવરણ હોય ત્યારે ઈશ્વર નથી એમ ન માનવું જોઈયે.'

મહર્ષિ અરવિંદે કિધું છે : 'જ્યારે બધા તણાઈ જતા હોય ત્યારે મને એકને ઉગારે એ જ માત્ર ભગવાન નથી; પણ જ્યારે બધા ઊગરી જતા હોય ત્યારે મારો બચવાનો એક માત્ર સહારો, એક પાટિયું પણ જે ખેંચી લે એ પણ ભગવાન છે. ' આમ, જ્યાં સરળ રસ્તો હોય ત્યાં દિવાલ ઊભી થઈ જાય અને જ્યાં દિવાલ છે ત્યાં સરળ રસ્તો થઈ જાય એનું નામ સંજોગો અને આ સંજોગો માણસને કઈ રીતે ભરડામાં લે છે તેના આધારે તે ભગવાનમાં માનતો થઈ જાય છે.



ઉજળો વારસો

સતીષ ચારણ

sscharan_aaa@yahoo.co.in

આપણા સાધુ સંતો ભગવાન ગમે તે પરિસ્થિતિમાં રાખે ભલે એ સુખની હોય કે દુઃખની પણ તે અમારી સાથે રહેવો જોઈયે તેવું ઈચ્છે છે. ઈશ્વરના સાથ માટે સુફી સંત અને કવિયત્રી રાબિયાને ગમે તેવી મુશ્કેલીઓ પણ મંજૂર છે તે કહે છે:

'ન અમી તૂ ન ખાહમ જહીમ બા તૂ રવાસ્ત,
કેહ બૂ તૂ શંકર જહર અસ્ત બ બાતૂ જહર અસ્લ.'

(અલ્લાહ સાથે ન હોય તો હું સ્વર્ગની પણ ઈચ્છા રાખતી નથી અને તારો સાથ હોય તો મને નરક પણ મંજૂર છે. તારી ગેરહાજરીમાં સાકર પણ મારા માટે ઝેર સમાન છે અને તારી હાજરીમાં ઝેર પણ અમી છે.)

અનુસંધાન પાના નં. ૭ પર